# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

મે-ઓગષ્ટ ૨૦૧૦ વર્ષ ૩ અંક ૨ પૃષ્ઠ ૮ રૂા. ૨/-

## નિસર્ગ સાથેનો સાચો સંબંધ એટલે શું ?

*પ્રશ્નકર્તા :* નિસર્ગ સાથેનો સાચો સંબંધ એનો અર્થ શું છે ?

*કૃષ્ણમૂર્તિ :* મને ખબર નથી કે તમે નિસર્ગ સાથેના તમારા સંબંધ વિશેની શોધ કરી છે કે નહીં. સાચો સંબંધ હોય એવું કંઇ નહીં, પણ સંબંધ વિશેની ફક્ત સમજ હોઇ શકે. ખરા સંબંધમાં કોઇ પધ્ધતિનો સ્વીકાર રહેલો છે, જેમ કે યથાર્થ વિચાર અને યથાર્થ વિચારણા આ બંને અલગ અલગ બાબત છે. યથાર્થ વિચાર એ કેવળ પ્રચલિત એવું સત્ય જે માનનીય છે. જ્યારે યથાર્થ વિચારણા એ એક ગતિ છે; જે સમજનું ઉપાર્જન છે, અને સમાજ એ સતત બદલાતો સુધારા યુક્ત હોય છે. એજ પ્રમાણે નિસર્ગ સાથેનો યથાર્થ સંબંધ અને નિસર્ગ સાથેના આપણા સંબંધની સમજ એ બે વચ્ચે તફાવત છે. નિસર્ગ સાથે તમારો સંબંધ શું છે? નિસર્ગ એટલે નદી, વૃક્ષો, આકાશમાં ઉડતા પક્ષીઓ, પાણીમાં રહેતા જળચર, પૃથ્વી તળમાં રહેલા રસાયણો, પાણીના વહેતા ઝરણાં એવું બધું જ આ બધા સાથે તમારો શું સંબંધ છે? આપણામાંથી મોટાભાગના લોકો એ સંબંધથી અજ્ઞાત છે. આપણે કદી કોઇ વૃક્ષને નિહાળ્યું નથી, આપણે વૃક્ષને નિહાળ્યું હોય તો તેના ઉપયોગને ધ્યાનમાં રાખીને જેમ કે તેના છાંયડામાં બેસવું કે તેને કાપીને તેના લાકડાનો ઉપયોગ કરવો. બીજા શબ્દોમાં કહીએ તો આપણું વૃક્ષનું નિરીક્ષણ એ હેતુલક્ષી છે. આપણે વૃક્ષને કદી પણ વૃક્ષ તરીકે નિહાળતા નથી પણ તેનો ઉપયોગ અને લાભની દષ્ટિથી જ નિહાળીએ છીએ. આપણે ધરતી અને તેની સંપદાને હેતુલક્ષી દષ્ટિથી જ નિહાળીએ છીએ. આપણને ધરતી માટે પ્રેમ નથી ફક્ત આપણે તેનો ઉપયોગ જ કરીએ છીએ. જો આપણે પૃથ્વીને ચાહતા હોત તો આપણે તેનો અને તેની સંપદાનો કાળજીપૂર્વક મિતવ્યય કરતા હોત. માટે પૃથ્વી અને નિસર્ગ સાથેના સંબંધને સમજવા માટે આપણે ધરતીની સંપદાનો ઉપયોગ ઘણી જ કાળજી અને સભાનતાપૂર્વક કરવો જોઇએ. આપણા પડોશી, પત્ની કે પતિ, આપણા બાળકો સાથેના સંબંધ ને સમજવા જેટલો જ પૃથ્વી સાથેનો આપણો સંબંધ સમજવો અઘરો અને જટિલ છે. આપણે તેનો વિચાર જ કર્યો નથી. આપણે શાંત બેસીને કદી તારા, ચંદ્ર અને વૃક્ષોને જોયા નથી. આપણે સામાજિક અને રાજકીય બાબતમાં એટલા વ્યસ્ત છીએ. દેખીતી રીતે આપણી જાતથી ભાગી છૂટવાની આ બધી ક્રિયા છે, અને નિસર્ગને પૂજવી એ પણ આપણી જાતથી ભાગી છૂટવાની પ્રક્રિયા છે. આપણે નિસર્ગનો ઉપયોગ હમેશાં આપણા સ્વયંથી ભાગી છૂટવા માટે કે પછી આપણા હેતુ માટે કરીએ છીએ. આપણે કદીપણ ક્ષણભર થોભીને પૃથ્વી અને તેની સંપદાને પ્રેમ કર્યો નથી. આપણે કદીપણ સમૃદ્ધ એવા ખેતરોનો આનંદ માણ્યો નથી. તેની પેદાશનો ઉપયોગ આપણા ખોરાક અને વસ્ત્રો માટે કરવા છતાં. આપણે કદી પણ આપણા હાથે ધરતીને ખેડી નથી. કારણકે આપણને તે શરમજનક લાગે છે. જ્યારે તમે તમારા હાથ વડે ધરતીમાં કામ કરો છો તેને ખેડો છો તે ખરેખરમાં એક અદ્ભૂત અનુભવ છે. પણ સમાજમાં નીચલી કક્ષાના ગણાતા લોકો જ આ કાર્ય કરે છે. પણ ઉચ્ચવર્ણના આપણે આપણા હાથનો ઉપયોગ મહત્ત્વના કાર્યો માટે જ કરવા ટેવાયેલા છે. તેથી આપણે ધરતી સાથેનો આપણો સંબંધ ગુમાવી દીધો છે.



જો આપણે તે સંબંધને સમજીએ તેના હાર્દને સમજ્યા હોત તો આપણે આ ધરતીના ભાગલા ના પાડયા હોત. આ તારી મિલકત અને મારી મિલકત એવા ભાગ પાડયા ના હોત. ભલે કોઇ પાસે જમીનનો એક ટુકડો હોય અને તેના પર એક મકાન બાંધે તે ઘર તમારું મારું નથી એ એક જુદા જ વિશિષ્ટ અર્થમાં. તેમાં રહેવું એ જુદી બાબત છે. આપણે ફક્ત ધરતીનો ઉપયોગ અને તેની ઉપજનો ઉપયોગ કરીએ છીએ પણ આપણે તેને પ્રેમ કરતા નથી. આપણે એટલા અસંવેદનશીલ છીએ કે પેલા વહેતાં ઝરણાનાં સૌંદર્યને નિહાળતા નથી. આપણે જીવન સાથેનો સંપર્ક ગુમાવી દીધો છે. આપણે કદીપણ વૃક્ષના છાયામાં તેના થડનો ટેકો લઇ ત્યાં બેઠા નથી. આથી આપણે નિસર્ગને ચાહતા નથી. આપણે પ્રાણીઓ અને પશુઓના પ્રેમ કરવાનું જાણતા નથી તમે રસ્તા પર આવી જુઓ કે બળદગાડાને જોતરેલા બળદ સાથે આપણે કેવો વહેવાર કરીએ છીએ તેની પુંછડી કેવી કઢંગી કરી નાખીએ છીએ. ફક્ત મોઢેથી કેટલું બધું ખરાબ કહી આપણા હાથ ખંખેરી નાખીએ છીએ. પણ આપણે હૃદયથી મૃદુતા, સંવેદનશીલતા, સૌંદર્યની વસ્તુ તરફની ભાવના ગુમાવી દીધી છે. આપણા હૃદયમાં સંવેદનશીલતાને જાગ્રત કરીએ તો તેથી કરીને સાચો સંબંધ શું છે તે સમજી શકીએ. તે સંવેદનશીલતા નિસર્ગના ચિત્રો લટકાવી કે વૃક્ષોના ચિત્રો દોરીને કે સ્ત્રીઓ પોતાના કેશકલાપમાં પુષ્પોની વેણી પહેરવાથી લાવી શકાતી નથી. તે સંવેદનશીલતા ત્યારે આવી શકે કે જ્યારે ઉપયોગિતાનો આપણો અભિપ્રાય બાજુએ મૂકી દઇએ એનો અર્થ એમ નથી કે આપણે ધરતીનો ઉપયોગ જ બંધ કરી દેવો. ધરતીનો જે અર્થમાં ઉપયોગ કરવો પડે તે રીતે તેનો ઉપયોગ કરો. પ્રેમ કરવા માટે તેની કાળજી લેવા માટે આપણી પાસે ધરતી છે પણ તેના ભાગલા પાડી આ તારો ભાગ અને આ મારો ભાગ કરવા માટે નથી. પોતાના વાડામાં એક વૃક્ષ ઊગાડવું અને આ મારું વૃક્ષ છે એમ કહેવું એ નરી મૂર્ખતા છે. અને આ ત્યારે જ શક્ય છે. જ્યારે કોઇ ભાગલા પાડવાની વૃત્તિથી મન મુક્ત બને ત્યારે સંવેદનશીલતા પ્રગટી શકે. ફક્ત નિસર્ગ પ્રતિ જ નહીં. પણ માનવી પ્રતિ પણ ઉદ્ભવે છે. અને અનંત એવા જીવન પ્રતિ પણ હોય છે.

પૂના ૧૭ ઓક્ટોબર ૧૯૪૮

## સંપાદકીય

નિસર્ગ વિશે બોલતા કૃષ્ણજી એ એક જગ્યાએ કહ્યું હતું 'જ્યારે મનુષ્ય ખોટો ચંચૂપાંત કરતો નથી ત્યારે ફક્ત સંતુલન અને સુસંગતી ભરેલું સૌંદર્ય હોય છે.' મનુષ્યને છોડીને વિશ્વ આખામાં ફક્ત પૂર્ણ સંતુલન કાર્યરત છે.

ગંભીરતાથી વિચાર કરતા આ વિધાનમાં ઘણું કંઇ સમાયેલું છે. ચર્ચાને ચગડોળે ચઢેલાં આજના વાતાવરણ સંબંધમાં તેનું એક જૂદુ જ સ્થાન છે. વાતાવરણ અને માનવ આ સંબધના અનેક પાસા છે. અહીં બધાનો વિચાર કરવો સંભવિત નથી. મનુષ્યનો નિસર્ગ સાથેનો સંબંધ આ વિષય માનવ ઇતિહાસમાં કદી બન્યો ન હોય એટલો આજે મહત્ત્વનો બની ગયો છે. Deep Ecology તરીકેની એક વિચારધારા છે. જે મનુષ્યનો નિસર્ગ સાથેના પરસ્પર સંબંધમાં ગહનતાથી જોવા ઇચ્છે છે. કૃષ્ણમૂર્તિ ઉપર ઉપરથી દેખાતા પરિણામ વિશે બોલતા નથી. એના મૂળ મનુષ્યની ચેતનામાં ક્યાંક પડેલા છે. મનુષ્યની સ્વયં વિશેની સમજણની ત્રૂટીમાં જ રહેલો છે. જે અનેક પ્રકારના સંહારને માટે કારણભૂત છે. વાતાવરણનો નાશ એ એનું પ્રગટીકરણ છે.

નિસર્ગનો ઉપયોગ કરતા માનવી એ આ નિસર્ગને જે સ્થિતિમાં મૂકી દીધું છે. તેની જાણ બહાર મનુષ્યે પોતાને પણ તે સ્થિતિમાં મુકી દીધો છે. આ સમજવું અઘરું છે અને જો સમજાય તો ચર્ચા કરી એકબીજા પર દોષારોપણ કરતા મૂળ વાત અટકી જાય છે. માટે જ ઘર્ષણ ચાલુ જ છે.

હવે પ્રશ્ન એ છે કે - નિસર્ગ એટલે શું? નિસર્ગ શબ્દનો ઉચ્ચાર કરતા આપણી આંખ સામે, આકાશ, પાણી ડુંગર, નદી, વૃક્ષો વેલી, ફૂલ પાન, પ્રાણી જળચર એ બધું જ ઉપસ્થિત થાય છે. હું મનુષ્ય અને સામે નિસર્ગ એવું વિભાજન મનમાં રહેલું છે. 'હું' તેનો ઉપયોગ કરીશ. તેનો ઉપભોગ કરીશ તેની સંભાળ લઇશ વગેરે.

પણ આપણે એ ભૂલી જઇએ છીએ કે 'હું' પણ એ નિસર્ગનો જ અંશ છું. ''કાર્લ સાગન'' જ્યારે એમ કહે છે કે આ સામે દેખાતું વૃક્ષ મારું મિત્ર છે. ત્યારે આમ કહેવામાં તેનું શું તાત્પર્ય છે? વિજ્ઞાન જ્યારે પૃથ્વી પરની વસ્તુમાં મૂળ તત્વ તો એક જ છે. એવું દર્શાવે છે ત્યારે તેમાંથી આપણે શું શીખવાનું છે? વિશ્વમાં આ મૂળતત્વ અનેક રૂપ અનેક આકાર ધારણ કરે છે અને ફરી પાછા તે મૂળ તત્વમાં ભળી જાય છે. અને નવો જુદો આકાર સામે આવે છે. આ એક કાળચક્ર છે. અને આ કાળચક્રમાં કંઇક લક્ષ્યવેધ ઘટના ઘટે છે. પણ આ અનંત એ બ્રહ્માંડમાં તે નગણ્ય છે.

આ મનુષ્ય મનુષ્યરૂપે કંઇક દશકા માટે આ પૃથ્વીનો રહેવાશી હોય છે. તે સ્વયંને આ નિસર્ગથી જુદો સમજીને તેની આટલી અવહેલના શા માટે કરે છે? નિસર્ગથી તે પોતાને જુદો ક્યારથી અને શા માટે સમજવા લાગ્યો? આ શરીર જેને તે પોતાનું સમજે છે. તેના પર પણ તેનું પોતાનું આધિપત્ય એ નૈસર્ગિક ક્રિયા નથી? સ્વયંના અસ્તિત્વની ચેતનાનો નાનો ભાગ છોડયા પછી આપણે પેલા ઝાડ-ફૂલ પાન જેવા પૂર્ણપણે નિસર્ગને આધીન છીએ. નિસર્ગથી આપણા સ્વયંને અલગ સમજવું એ એક ભ્રમણા છે. આ ભ્રમણા થકી નિસર્ગ પર તેજ પ્રમાણે મનુષ્ય પર વિપરીત પરિણામ થઇ રહ્યું છે.

આપણું ઝડપથી દોડતું જીવન અને જીવવાની પધ્ધતિમાં થોડો ફેરફાર કરી આ પ્રશ્નને સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણે આપણું જીવન બદલી શકીએ. ઘણી ભ્રમણાનો અંત આવશે. ત્યારે નિસર્ગ એ ઉપભોગનું સાધન નહી રહેશે. ત્યારે ત્યાં સહજીવનનો ભાગ હશે. તો પછી નિસર્ગ સાથે મનુષ્યનો શો સંબંધ છે. આ પ્રશ્ન કદાચ ખોટો કે અસંબંધિત લાગતો હોય. જ્યાં દ્વંદ્વના હોય ત્યારે સંબંધનો અર્થ બદલાઈ જાય છે.

સંબંધમાં બે બાબત સમાવિષ્ટ છે. આપણામાં સ્વયંની સભાનતા છે અને આપણને વૈચારિક સ્વાતંત્ર્ય મળ્યું છે. (એ બાબતમાં મનોવૈજ્ઞાનિક શંકા રાખે છે.) અને તે દ્વારા આપણે પસંદગી, નિયંત્રણ અને નિર્ણય લેવાની ક્ષમતા આપણી પાસે છે. કદાચિત આપણી આ ક્ષમતા જ આપણને નિર્દોષ આનંદથી વંચિત રાખે છે.

તે નિર્દોષ આનંદ, પક્ષીઓનાં ગૂંજનમાં વર્તાય છે. કોમળ સૂર્યકિરણોની હૂંફમાં તે વર્તાય છે. કુદરતનો આનંદ હું લઇ રહ્યો છું. એવી મનમાં ભાવના ન હોય, ત્યાં દ્વૈતનો આભાસ ન હોય, મનમાં આનંદના ઉપભોગની કોઇ અપેક્ષા ન હોય ત્યારે તે નિર્દોષ આનંદ હોય છે. અને ત્યારે જ ત્યાં મનુષ્યનો નિસર્ગ સાથે સંબંધ હોય છે.

---

ત્યાં બીનઉપયોગી વનસ્પતિનું લાંબું થડ પડેલું હતું, એક પ્રકારનું ઘાસ ઊગી નીકળ્યું હતું. જે ઘણી ઝડપથી બાગમાં ઊગે છે. તેના ફૂલો પીંછાની કલગી જેવા ઘેરા સોનેરી રંગના હતા. મંદ વહેતી હવા સંગે ડોલી રહ્યા હતા, તૂટી જાય એટલી હદે વાંકા વળી જતા પણ તૂટતા ન હતા. જોરથી ફૂંકાતા પવન સિવાય તે તૂટી જાય એવા ન હતા. એ નકામા છોડવા પીળા એવા ધૂળિયા રંગના હતા, જ્યારે મંદ હવા વહેતી હોય ત્યારે જાણે તેની સંગે નૃત્ય કરતા બધા ગોઠવાય જતા; દરેક છોડવાનો તેનો પોતાનો એક લય હતો. પોતાનો ભપકો હતો અને જ્યારે તે સમૂહમાં ઝૂમતા હોય ત્યારે તે પાણીના મોજા જેવા શોભતા હતા. સંધ્યાકાળના પ્રકાશમાં તેમનો રંગ અવરણ્ય લાગતો હતો. એ ધરતી પર અસ્ત થતાં સૂર્યનો રંગ હતો તે સોનેરી રંગના ડુંગરાઓ અને વાદળોનો ભવ્ય રંગ હતો. તેની પાસે ઊગેલા ફૂલો ઘણાંજ સ્પષ્ટ અને કુદરતી હતા અને તમે તેને નિહાળો એવી તાકીદ કરતા હતા. તે છોડવાઓ અદ્‌ભૂત એવા નજાકત હતા તેમાંથી ઘઉંના દાણા જેવી પ્રાચીન સમયની મંદ સુગંધ આવતી હતી. તે ઘણા મજબુત અને નિર્મળ હતા, તે સમૃધ્ધ અને જીવંત હતા. ઘેરા ડુંગરાની પાછળ અસ્ત થતા સૂર્યના પ્રકાશમાં પ્રકાશિત વાદળો સંધ્યા સમયે દેખાઇ રહ્યા હતા. વરસાદના ઝાપટાએ ધરતીને ભવ્ય એની સુગંધ અર્પી હતી. હવા ખુશનુમા અને ઠંડી હતી. વર્ષાનું આગમન થવામાં હતું અને ધરતી પર એક આશા બંધાય રહી હતી.

*Krishnamurtis' Journal,* ૨૫ ઓકટોમ્બર, ૧૯૬૧

## ત્યાં ફક્ત અવધાન હોય છે

આજે જોવું કે સાંભળવું એ જીવનમાં એક કઠિન બાબત છે. જોવું અને સાંભળવું એ એક જ બાબત છે. જો ચિંતાથી તમારી આંખો બંધ થઇ ગઇ હોય તો તમે સૂર્યાસ્તનું સૌંદર્ય જોઇ ના શકો. આપણામાંથી મોટાભાગના લોકોએ નિસર્ગ સાથેનો સંપર્ક ગુમાવી દીધો છે. આપણી સંસ્કૃતિ મોટાંને મોટાં શહેરો તરફ વળતી જાય છે. આપણે વધુ ને વધુ શહેરી બનતા જઇએ છીએ. માણસોથી ઊભરાતા મકાનોમાં રહીએ છીએ અને જ્યાં એટલે ઓછી જગ્યા છે કે સવારના કે સંધ્યાના આકાશને જોવા માટે જગ્યા નથી. અને તેથી કરીને આપણે અધિક પ્રમાણમાં અખુટ એવા સૌંદર્યનો સંપર્ક ગુમાવી રહ્યાં છીએ. મને ખબર નથી કે આપણામાંના થોડાક લોકોએ પણ સૂર્યાસ્ત કે સૂર્યોદયની કે ચાંદરણાનો અથવા પાણી પર પડતા તેના પ્રકાશને નિહાળવા પ્રયત્ન  કર્યો હોય.

કુદરત સાથેનો સંપર્ક ગુમાવીને આપણે સ્વાભાવિકપણે આપણી બૌધિક શક્તિઓ કેળવવા તરફ વળ્યા છે. આપણે ઘણાં પુસ્તકો વાંચીએ છીએ. મોટા સંગ્રહસ્થાનોમાં જલસા અને કાર્યક્રમોમાં જઇએ છીએ, ટેલિવિઝન જોઇએ છીએ એવાં બીજા ઘણાં આનંદપ્રમોદ કરીએ છીએ. આપણે બીજા લોકોના વિચાર અને કલ્પનાને અવિરતપણે ટાંકીએ છીએ, કળા ઉપર ઘણું વિચારીએ છીએ ને બોલીએ છીએ. આપણે કલા ઉપર આટલો બધો આધાર શા માટે રાખીએ છીએ? તે શું એક છટકબારી છે કે ઉત્તેજના છે? જો તમે કુદરતના સીધા સંપર્કમાં હો, જો તમે ઊડતા પંખીની ગતિને નિહાળતા હો, આકાશમાં બદલાતા દરેક સૌંદર્યને નિહાળતા હો, પહાડ પર પડતા પડછાયાને નિહાળતા હો. બીજાના ચહેરાના ભાવ અને સૌંદર્યને જોતા હોત તો શું તમને લાગે છે કે ચિત્રોને જોવા માટે તમે કોઇ સંગ્રહ સ્થાનમાં જવા માગશો? કદાચ તેનું કારણ એ હશે કે તમારી આસપાસની વસ્તુને કેમ નિહાળવી એ તમે જાણતા નથી. એટલે કદાચ વધારે સારી રીતે જોવા માટે તમને ઉત્તેજીત કરે એવા પ્રકારના પીણાંનું તમે સેવન કરો છો...

...તમે કોઇ વસ્તુને કે વૃક્ષને કશાયે સંબંધ વગર તેના વિશે મેળવેલા જ્ઞાન સિવાય, કોઇ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર, કોઇ નિર્ણય વગર તે વૃક્ષ અને તમારી વચ્ચે શબ્દોની જાળ ઊભી કર્યા સિવાય કે જે નિરીક્ષણ કરવામાં અવરોધ ઊભો કરે છે. એ ? પ્રયોગ કરીને અનુભવ્યું છે? પ્રયત્ન કરીને નિહાળો શું ઉદ્‌ભવે છે જ્યારે તમે એક વૃક્ષને તમારી તમામ શક્તિ અને સમગ્રતાપૂર્વક નિહાળો છો. એવી ઉત્કટતામાં તમે જોશો તો ત્યાં દૃષ્ટા (જોનારા)નું અસ્તિત્વ જ નથી હોતું. ત્યાં ફક્ત અવધાન જ હોય છે. જ્યારે તમે બેધ્યાન હોવ છો ત્યારે જ દૃષ્ટા અને દૃશ્યનું અસ્તિત્વ હોય છે. જ્યારે તમે પૂર્ણ અવધાન સાથે જુઓ છો ત્યારે ત્યાં કોઇ પણ ખ્યાલ, કલ્પના કે સૂત્રોનો અવકાશ હોતો નથી કે સ્મૃતિ પણ નથી હોતાં. આ સમજવું એ ઘણું આવશ્યક છે. કારણકે આપણે એવા વિષયમાં જઇ રહ્યાં છીએ કે જ્યાં અત્યંત કાળજીપૂર્વકના સંશોધનની આવશ્યકતા છે.

જે મન એક વૃક્ષને, તારાઓને સરિતાના પ્રકાશથી ઝળહળતા જળને સ્વયં શૂન્યવત થઇને જુએ છે. તેજ મન સૌંદર્ય શું છે તે સમજી શકે છે. જ્યારે આપણે ખરેખરમાં એ નિરીક્ષણની અવસ્થામાં હોઇએ છીએ ત્યારે આપણે પ્રેમની અવસ્થામાં હોઇએ છીએ.

*જ્ઞાત વિસર્જન*, પ્ર.૧૧



## ...જેઓ આ પૃથ્વીની પરવાહ કરતા નથી

આપણે સંઘર્ષ વિશે વાત કરી રહ્યા છે, જોકે આ માનવજાત તેના ભવ્ય ખજાના સાથે આ પૃથ્વી પર જીવતી આવી છે, પરંતુ સાતત્યથી ઘર્ષણમાં જીવી રહી છે. ફક્ત બહારના વાતાવરણ સાથે નિસર્ગ સાથે જ નહીં પણ એકબીજા સાથે પણ, આંતરિક રીતે અને જેને ધાર્મિકતા કહેવામાં આવે છે તેની સાથે પણ અવિરતપણે ઘર્ષણમાં જીવે છે. જન્મની ક્ષણથી લઇ આપણે મરી જઇએ ત્યાં સુધી ઘર્ષણમાં જીવીએ છીએ. આપણે તેનાથી ટેવાય ગયા છીએ અને તેની સાથે રહીએ છીએ; આપણે તે સહન કરીએ છીએ. આપણે ઘર્ષણમાં હોવાના ઘણાં કારણો આપણે દર્શાવીએ છીએ. આપણે એવું માનીએ છીએ કે સતત ઝઝૂમવું અને કંઇક માટે વલખા મારવા એ પ્રગતિ ગણાય છે કે ભીતરથી કોઇ મહાન લક્ષને સિધ્ધ કરવું એ પ્રગતિ છે.

ભારત, અતિ સુંદર એવો દેશ, તેના સુંદર ડુંગરા, અદ્‌ભૂત ભવ્ય પર્વતો વિશાળ નદીઓ. પણ હજારો વર્ષોથી સંઘર્ષ કરતો વિપત્તિઓથી ભરપૂર બીજાને અનુસરતો, સ્વીકારતો અને એકબીજાનો નાશ કરી આ સુંદર દેશને મનુષ્યે પોતાની સમજ વગરની વસ્તુ અને સમજ વગરની વિચારધારાએ કેવો નિમ્નકક્ષાનો બનાવી દીધો છે, જેને આ પૃથ્વીની બિલકુલ પરવાહ નથી કે નથી આ ધરા પર રહેલી સુંદર વસ્તુ માટે કોઇ પરવાહ. સુંદર સરોવર માટે કે સતત વહેતી નદી માટે. આપણામાંથી કોઇને પણ એની કાળજી નથી. આપણને આપણા સ્વયંની આપણી નાની સમસ્યાની નિસ્બત છે. આ દેશમાં આપણે શું કરી રહ્યા છે એની આપણા હૃદયમાં વેદના હોવી જોઇએ. જ્યારે બીજા દેશના લોકો શું કરી રહ્યા છે, તે જોઇને શુધ્ધા.

જીવન અદ્‌ભૂત ભયાનક, સલામતી વગરનું અર્થહીન બની ગયું છે. તમે ઘણાં બધા હેતુ અને મર્મની શોધ કરી હશે, પણ વાસ્તવમાં આપણા દૈનિક જીવનનો હેતુ અને મર્મ ખોઇ નાખ્યો છે. ફકત કંઇક બનવું, પૈસા કમાવવા, શક્તિશાળી બનવું વગેરે મહત્ત્વનું બની ગયું છે.

મદ્રાસ, ૨૭ ડિસેમ્બર, ૧૯૮૧

## www.jkrishnamurti.org

### જે. કૃષ્ણમૂર્તિ ઑનલાઇન
### કૃષ્ણમૂર્તિના અધિકૃત એવા શિક્ષણનો ઈન્ટરનેટ પર ખજાનો

- કૃષ્ણમૂર્તિના ૧૯૩૩ થી ૧૯૮૬ સુધી પ્રકાશિત થયેલા સાહિત્યનો સંગ્રહ સુમારે ૨૦૦ સર્વસાધારણ આકારના પુસ્તકો હશે. આ બધું સર્ચ ઈન્જીન દ્વારા શોધી શકાય અને આપ તમારા કમ્પ્યુટર ઉપરથી મફતમાં ડાઉનલૉડ કરી શકો
- કોઈપણ વ્યક્તિને સ્વયંના જીવનમાં ઉદ્ભવતા પ્રશ્નોનો જવાબ કૃષ્ણમૂર્તિના શિક્ષણ દ્વારા શોધી શકે - એવા ખાસ ચૂંટેલા પ્રશ્નો અને વિષય
- જીવનની મહત્ત્વની બાબતો : ભય, પૂર્વસંસ્કાર, ધ્યાનધારણા, પ્રેમ, શિક્ષણ, એવી મહત્ત્વની બાબતો.
- સંપૂર્ણ એવી ૭૧ ધ્વનિમુદ્રણો
- સંપૂર્ણ એવી ૬૬ સંકલિત ધ્વનિચિત્રમુદ્રણો
- મુદ્રિત આવૃતિ, ધ્વનિમુદ્રણ, ધ્વનિચિત્રમુદ્રણ એવા વિવિધ માધ્યમમાં સમાવિત ભાષણો, પ્રશ્નોતર, ચર્ચા, મુલાકાત અને પરિસંવાદ એવા વિવિધ અંગોની આધુનિક રીતે શોધ કરવાની સુવિધા
- દૈનિક અવતરણો જે તમે ઈમેલ દ્વારા મેળવી શકો
- દૈનિક અવતરણોનો સંગ્રહ
- ચરિત્રાત્મક માહિતી
- ડૉ. ડેવિહ્ડ બૉહ્મકૃત કૃષ્ણમૂર્તિનો પરિચય
- 'સત્ય એ પંથ વગર ભૂમિ છે' આ વચનની લેખિત પ્રત
- 'શિક્ષણનું હાર્દ' લેખિત પ્રત
- વિશ્વભરમાં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનની શાળા અને અધ્યયન કેન્દ્રની માહિતી
- ઑન લાઈન પુસ્તકો વેચાણના સ્થળ, તેમજ ફાઉન્ડેશનના ભારત, ઈંગ્લેન્ડ અને અમેરિકા સ્થિત પુસ્તક વેચાણના સ્થળના સરનામા

### ડિવ્હીડીની કિંમતમાં ઘટાડો

કૃષ્ણમૂર્તિની ડિવ્હીડી અધિકાધિક લોકો સુધી પહોંચે એ ઉદ્દેશને ધ્યાનમાં લઈ ડિવ્હીડી ની કિંમત રૂા.૨૦૦ થી ઘટાડી ૧૨૫ રૂા. સુધી કરવામાં આવી છે. જે ડિવ્હીડી માં એકથી વધારે પ્રવચનનો સમાવેશ છે. તે રૂા. ૧૫૦ માં ઉપલબ્ધ. MP3 ની કિંમત જે રૂા. ૧૫૦ હતી તે હવે રૂા.૧૦૦ માં ઉપલબ્ધ થશે.

### સવલતની કિંમતે કૃષ્ણમૂર્તિના અંગ્રેજી પુસ્તકો

*Freedom From the Known* આ કૃષ્ણમૂર્તિનું અત્યંત લોકપ્રિય પુસ્તક તમેજ ઘણું મહત્ત્વનું પુસ્તક છે જે સુરેખ બાંધણીમાં પ્રકાશિત કરવમાં આવ્યું છે જેની કિંમત રૂા. ૨૦/- રાખવામાં આવી છે. જે તમારા આપ્તજન અને મિત્રોને ભેટરૂપે તમે આપી શકો એવો અભિગમ આ કિંમત પાછળ છે.

*You Are the World* એ પુસ્તક પહેલા રૂા.૧૦૦ની કિંમતમાં આપવામાં આવતુ એની કિંમત પણ ઘટાડીને રૂા. ૪૦ રાખવામાં આવી છે. આ પુસ્તકમાં અમેરિકાની વિવિધ મહાવિદ્યાલયોમાં કૃષ્ણજી આપેલા પ્રવચનોનો સમાવેશ છે.

### સવલતના દરે ડિવ્હીડી

પુસ્તક પ્રમાણે ડિવ્હીડી ને પણ આ સવલતના દરે લોકોને મળે એ અમારા ઉપક્રમમાં છે. જેમાં સૌથી પહેલી ૮૦ મિનિટની ડિવ્હીડી *The Challenge of Change* છે. જેમાં કૃષ્ણમૂર્તિ અને તેના શિક્ષણ વિશેની ઉત્કૃષ્ટ ઓળખ કરવામાં આવી છે. જેની કિંમત ઘટાડીને રૂા. ૮૦ કરવામાં આવી છે. એ જ પ્રમાણે કૃષ્ણજીના જાહેરમાં આપેલા પ્રવચનોની ડિવ્હીડી નો પણ સમાવેશ કરવો એવો ફાઉન્ડેશનનો અભિગમ છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિઆ દ્વારા યોજિત **વાર્ષિક સંમેલન** આ વર્ષે ઋષિવેલી આંધ્ર પ્રદેશમાં ૨૩-૨૬ નવેમ્બર, ૨૦૧૦ દરમિયાન યોજવામાં આવશે. આ વિશેની અધિક માહિતી આગામી અંકમાં અને વેબસાઈટ પર દર્શાવવામાં આવશે.

### કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રી (KFI)

**વિશેષ અધ્યયન કાર્યશાળા**

| | |
|---|---|
| ૧૫ થી ૨૧ જૂન ૨૦૧૦ | The Core of the Teachings : An Introduction to J. Krishnamurti |
| ૧૨ થી ૧૮ જુલાઈ ૨૦૧૦ | The art of listening, seeing and learning bring about the art of living |
| ૨ થી ૬ ઓગસ્ટ ૨૦૧૦ | To be is to be related : Life in relationship |
| ૨૦ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૦ | If you cannot relate with nature, you cannot relate with human beings |

**વાર્ષિક શિબિરો**

૧૫ થી ૧૯ મે ૨૦૧૦ — મરાઠી ભાષામાં — ૨૧ થી ૨૫ મે ૨૦૧૦ — હિન્દી શિબિર

મરાઠી શિબિરનો ઉદ્દેશ્ય છે : આપણું દૈનિક જીવન તણાવમુક્ત હોય એવી રીતે શું જીવી શકીએ ખરા? એની શોધ કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં કરવી.

હિન્દી શિબિરનો વિષય છે : ધ્યાન એટલે શું? એ બાબત ને કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં સમજવી.

સંપર્ક માટે સરનામુ : સંચાલક કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, સહ્યાદ્રી, પોસ્ટ - હિવઈ હિલ, તાલુકો - ખેડ (રાજગુરુ નગર) જિલ્લો : પૂના, પિન : ૪૧૦ ૫૧૩ મહારાષ્ટ્ર.

દૂરધ્વનિ : (૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫ Email : kscskfi@gmail.com વેબસાઈટ : http://www.kscskfi.com

### 'આનંદ વિહાર' કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર

સરનામુ : આનંદ વિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામ પાસે, બદલાપુર (પ્ર) તા. થાણા, પિનકોડ : ૪૨૧૫૦૩, દૂરધ્વનિ : ૯૪૨૦૬૦૭૪૨૮, (૦૨૨) ૨૫૧૫૩૦૯૪, ૨૪૨૨૩૧૯૯, Email: zilog@vsnl.com

## વિચારે નિસર્ગનું નિર્માણ કર્યું નથી

આપણે મનુષ્ય અને કુદરત વચ્ચેના સંબંધના વિષયમાં સાથે મળી ચર્ચા કરવાના છીએ એ છે તમારો વાતાવરણ સાથેનો સંબંધ. વાતાવરણ એટલે શહેર મોટું નગર કે ગામડું જ્યાં તમે રહેતા હોય એ જ માત્ર વાતાવરણ નથી પણ કુદરતી વાતાવરણ પણ છે. જો તમે કુદરત સાથે સંબંધમાં ના હોવ તો તમે મનુષ્ય સાથે પણ સંબંધ ધરાવતા નથી. ગોચર ભૂમિ, વૃક્ષવાટિકા, નદીઓ, સુંદર ધરતી, ઘટાદાર વૃક્ષો એ બધું જ નિસર્ગ છે. જો આ નિસર્ગ સાથે આપણો સંબંધ ના હોય તો આપણે એકબીજાની સાથે પણ સંબંધમાં નથી કારણકે વિચારે નિસર્ગનું સર્જન કર્યું નથી. વિચારે વાઘનું કે આકાશમાં ચળકતા તારાનું પ્રતિબિંબ જે જળાશયમાં પડે છે તેનું સર્જન કર્યું નથી. ભૂરા આકાશની સામે હિમાચ્છાદિત શિખરનું સર્જન વિચારે કર્યું નથી. સુંદર સૂર્યાસ્ત, આજુબાજુ એક પણ તારા સિવાય એકલા ચમકતા ચંદ્રનું સૌંદર્ય વિચારે ઉભાર્યું નથી. તેથી નિસર્ગનું સર્જન વિચારે કર્યું નથી.

નિસર્ગ એ હકીકત છે. મનુષ્ય, મનુષ્ય વચ્ચે આપણે જે કંઇ સર્જન કર્યું તે પણ એક હકીકત જ છે. પણ એ હકીકતમાં ઘર્ષણ છે. સતત સંઘર્ષ દરેક જણ કંઇક બનવા માટે સતત પ્રયત્નશીલ છે, ભૌતિક સ્તરે તેમજ આંતરિક સ્તરે અને જો હું એમ કહું કે આધ્યાત્મિક સ્તરે પણ આવું જ કંઇક છે. જ્યારે કોઇ કંઇ બનવાનો પ્રયત્ન કરે છે, રાજકીય કે ધાર્મિક સ્તરે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. ત્યારે તે વ્યક્તિનો અન્ય સાથે કોઇ સંબંધ હોતો નથી. તેમજ નિસર્ગ સાથે પણ તેનો સંબંધ હોતો નથી. તમારામાંથી ઘણા બધાં લોકો શહેરી વાતાવરણમાં તેના ઘોંઘાટમાં તેમજ ટોળામાં અને શહેરી ગંદકીમાં રહે છે. ઘણું કરીને તમે નિસર્ગના સંબંધમાં આવતા જ નથી. ત્યાં અદ્‌ભૂત એ એવો સાગર લહેરાય છે પણ તમને તેની સાથે કોઇ સંપર્ક નથી. તમે સાગર કિનારે જતા હશો તેમાં કદાચ તરતા પણ હશો, કિંતુ તે સાગરમાં રહેલી અદ્‌ભૂત શક્તિ તેની ઉર્જા કિનારે આવી અથડાતા પ્રચંડ એવા તેના મોજા અને તેની અદ્‌ભૂત એવી અવિરત ગતિ ને સમજવાની ભાવના ભરેલો તમારો સંપર્ક તે સાગર સાથે નથી. જો તેની સાથે તમારો સંબંધ ના હોય, તો બીજા માનવી જોડે તમારો સંબંધ કેવી રીતે હોઇ શકે? જો તમે ને સાગરને સમજી ના શકો, તેના પાણીને, તેના મોજાને અંદર બહાર આવતી ભરતી ઓટને અને તેમાં રહેલી અદ્‌ભૂત ઉર્જા પ્રત્યે સંવેદનથી કે સભાન ન હોય તો પછી મનુષ્ય સાથેના સંબંધમાં સભાન અને સંવેદનશીલ કેવી રીતે હોઇ શકો? કૃપા કરીને આ સમજવું ઘણું બધું મહત્ત્વનું છે, જો કોઇ સૌંદર્ય વિશે વાત કરે તો સૌંદર્ય ફક્ત ભૌતિક સ્તરે જ નથી, પણ સૌંદર્યનું હાર્દ એ તમારી સંવેદનશીલતામાં છે નિસર્ગને નિહાળવાની તમારી ભાવનામાં છે.

મુંબઇ, ૨૪ જાન્યુઆરી ૧૯૮૨

> પ્રત્યેક દિવસના સૌંદર્યથી, પ્રત્યેક તાજી નવી સવારથી આશ્ચર્યજનક આ દુનિયાથી હમેશાં સભાન રહો; આ અદ્‌ભૂત સુંદર જગત છે અને આપણે તેનું નિકંદન કરી રહ્યા છીએ, આપણા પરસ્પરના એકબીજા સાથેના સંબંધ અને આ નિસર્ગ સાથેના અને આ ધરતી પર પ્રત્યેક જીવંત વસ્તુ સાથેના આપણા સંબંધ દ્વારા આપણે તેનો નાશ કરી રહ્યા છીએ.
>
> ઑહાય ૨૨ મે, ૧૯૮૩

## ...ત્યારે તમારો વિશ્વની સાથ સંબંધ હશે

યોગાનુયોગ તે થોડા દિવસ માટે ઘરથી દૂર એક ઊંચા પહાડ પર એક નાના એવા તુટવાને આરે હોય એવા ઘરમાં રહ્યા. ત્યાં ઘણાં વૃક્ષો હતા, અને વસંતઋતુ હોવાને કારણે વાતાવરણમાં સુગંધ હતી. પર્વતનું એકાંત અને લાલમાટીનું સૌંદર્ય વિલસી રહ્યું હતું. આકાશને આંબતા શિખરો બરફથી છવાયેલા હતા અને કેટલાક વૃક્ષો પલ્લવિત થયા હતા. આ ભવ્ય વૈભવમાં તે એકલા જ રહ્યા. પાસે જ જંગલ હતું. ત્યાં હરણ, ક્યારેક રીંછ અને કાળા મોઢાના લાંબી પૂંછડીવાળા મોટા મોટા વાંદરા હતા. ત્યાં સાપ પણ હતા. આવા ગહન એકાંતમાં તે વિલક્ષણ રીતે બધાના સંબંધમાં હતા. તે કોઇને પણ દુઃખી કરવા ચાહતા ન હતા. એ તો શું રસ્તાની આજુબાજુ ઊગી નીકળેલા ફુલોને પણ હાની પહોંચાડવા ચાહતા ન હતા. તેઓના પરસ્પર સંબંધમાં તારા અને મારાનો અવકાશ કે ભેદનું અસ્તિત્વ ન હતું. આ કંઇ ઇરાદાપૂર્વક કરવામાં આવ્યું ન હતું. બૌધ્ધિક કે લાગણી યુક્ત સમજથી પણ આમ કરવું શક્ય ન હતું. પરંતુ એ તો સજહપણે હતું.

ખાસ કરી વાંદરાઓનું ટોળુ સાંજના સમયે આવે પણ ખરું તેમાંથી કેટલા વાંદરા જમીન પર બેસશે. પરંતુ ઘણા તો ઝાડ પર બેસીને શાંતપણે જોતા રહેશે. તેઓ વિલક્ષણ એવા શાંત હોય છે. વચ્ચમાં વચ્ચમાં એકાદ પોતાના નખો વડે ખજવાળતો હોય. અમે એકબીજા ધ્યાનપૂર્વક જોઇ રહ્યા હતા. હવે તેઓ દરરોજ સંધ્યાકાળે અવશ્ય આવવા લાગ્યા. બહુ પાસે પણ નહીં તેમજ વૃક્ષ પર બહુ ઊંચે પણ નહીં. અમે એકબીજાથી પરિચિત થયા હતા. અમે હવે સારા મિત્ર બની ગયા હતા; પણ અમારે એકબીજાના એકાંતમાં અતિક્રમણ કરવું ન હતું. એક દિવસ જંગલમાં બપોરના સમયે ફરતા ફરતા તે અચાનક એક ખુલ્લા મેદાનમાં આવ્યો, તેની આજુબાજુની જગ્યામાં નાનાથી મોટા એમ લગભગ ત્રીસેક જેટલા વાંદરાઓ હતા. તે અતિ શાંત ચિત્તે સ્તબ્ધ થઇ બેઠા હતા. તેઓને સહજપણે સ્પર્શ કરી શકાય એમ હતું. તેઓમાં જરા જેટલો ભય દેખાતો ન હતો. જમીન પર બેઠા બેઠા અમે એકબીજાને સૂર્ય ડુંગરા પાછળ જાય ત્યાં સુધી નિહાળતા હતા.

જો તમે નિસર્ગ સાથેનો સંપર્ક ગુમાવશો તો તમે માનવતા સાથેનો સંબંધ પણ ગુમાવશો. જો કુદરત સાથેનો તમારો સંબંધ ના હશે તો તમે હત્યારા બની જશો; ત્યારે તમે વ્હેલના બચ્ચાનો, વ્હેલનો, ડોલ્ફીનનો શિકાર કરશો, મનુષ્ય કંઇક પ્રાપ્ત કરવા માટે, કંઇક રમત ખાતર કે પોતાના ખોરાક માટે કે પછી જ્ઞાન પ્રાપ્ત કરવા હત્યા કરે છે. પછી કુદરત તમારાથી ડરવા લાગશે અને સ્વયંના સૌંદર્યને સંકેલી લેશે. પછી ભલે તમે અરણ્યમાંથી કે કોઇ સુંદર છાવણીમાંથી લાંબો પ્રવાસ કરતા હો પણ તમે હત્યારા છો તેથી તમે તેઓની મિત્રતા ગુમાવી દીધી છે. કદાચ તમે કોઇ સાથે સંબંધ ધરાવતા નથી, પછી તે તમારી પત્ની હોય કે પતિ હોય, તમે તમારા અંગત વિચારોમાં કંઇ મેળવવા અને કંઇકથી છૂટવા અને તમારા સુખદુઃખમાં એટલા બધા વ્યસ્ત છો, જેથી તમે તમારી એકલતાના અંધકારમાં જીવી રહ્યા છો. અને તેમાંથી ભાગી છૂટવામાં વધારે અંધકારમાં ફસાવ છો. તમારા ટૂંકા જીવનમાં તમને વિચારવિહીન, આરામપ્રદ કે ઉદ્દામ બનીને જીવવામાં રસ છે. તમારી બેજવાદારીના કારણે હજારો લોકોનું ભૂખથી, તેમજ વિના કારણ નિકંદન થઇ રહ્યું છે. તમે જગતના ભ્રષ્ટ રાજકર્તા, વિદ્વાન અને નિષ્ણાત લોકોની આજ્ઞા પ્રમાણે જીવન જીવો છો. કારણકે તમારામાં અંદરથી પ્રમાણિકતા કે અખંડતા નથી. અને તમે જે સમાજનું સર્જન કર્યું છે અને તમે ત્યારે આ બધાથી

પીછો છોડાવવા તમે દરિયા કિનારે, જંગલમાં કે હાથમાં બંદૂક લઇ શિકાર ખેલવા નીકળી પડો છો પણ આ બધા માટે તમે પોતે જ જવાબદાર છો.

તમે આ બધું જાણતા હશો, પણ જ્ઞાન કે જાણકારી તમારી અંદર પરિવર્તન લાવતી નથી. જ્યારે તમારી અંદર અખંડતાની સમજ હોય છે. ત્યારે તમે પૂરા વિશ્વની સાથે સંબંધ ધરાવો છો.

*Krishnamurtis' Journal*, ૪ એપ્રિલ,૧૯૭૫

---

## જ્યારે તમે નિસર્ગને દુ:ખી કરો છો ત્યારે તમે સ્વયંને દુ:ખી કરો છો

આ શિક્ષણ ખરેખરમાં શું કરી રહ્યું છે? શું એ ખરેખરમાં મનુષ્ય કે તેના બાળકો ને જવાબદાર, નમ્ર, ઉદાર બનાવવામાં અને જગતમાં જે દુષ્ટતા, જૂની રૂઢિ અને એની કુરૂપતા તરફ પાછી ન વળે એ બાબતમાં મદદગાર થાય છે? જો શિક્ષકને ખરેખરમાં બાળકો સાથે કંઇક સંબંધ હોય અને તે હોવો જોઇએ, ત્યારે તેણે બાળકોને જગત સાથેના તેના સંબંધને સમજવા માટે મદદ કરવી જોઇએ. કાલ્પનિક નહીં કે ભાવનાથી રંગેલું જગત નહીં પણ વાસ્તવિક જગત જેમાં જે કંઇ થઇ રહ્યું છે અને નૈસર્ગિક જગત કે જ્યાં રણ છે જંગલ છે તેની આજુબાજુના થોડા એવા વૃક્ષો અને જગતના પ્રાણીઓ વિશેની સમજ આપવી જોઇએ. નસીબ જોગે પ્રાણીઓમાં રાષ્ટ્રીયતાનો ખ્યાલ નથી. તેઓ ઉદરનિર્વાહ માટે શિકાર કરે છે. જો કેળવણીકાર અને વિદ્યાર્થી પેલા વૃક્ષો, ઘૂઘવતા સાગર અને નિસર્ગ સાથેનો પોતાનો સંબંધ ખોઇ બેસશે તો દરેક મનુષ્ય મનુષ્ય સાથેનો સંબંધ ગુમાવી દેશે.

નિસર્ગ શું છે? નિસર્ગ વિશે ઘણી ચર્ચા કરવામાં આવે છે. અને એની રક્ષા માટે પ્રયાસો કરવામાં આવે છે. પ્રાણીઓ, પક્ષીઓ, વ્હેલ, ડૉલ્ફીન અને પ્રદુષિત નદીઓની સફાઇ, તળાવો અને લીલા ખેતરો વગેરે બધું. નિસર્ગ એ વિચારોનું પરિણામ નથી જેમ ધર્મ એ વિચારોનું અને માન્યતાનું પરિણામ છે. નિસર્ગમાં વાઘ છે એક અદ્ભૂત એવું શક્તિથી ભરપૂર પ્રાણી, વિશાળ એવી ખુલ્લી જમીન પર ઊભેલું એકાકી એવું વૃક્ષ છે, ફરતું ગૌચર અને વૃક્ષોના ઝૂંડ એ બધું નિસર્ગ છે; ઝાડની બખોલમાં સંતાતી પેલી ખિસકોલી, પેલી કીડીઓ, મધમાખી અને બધી જ જીવંત વસ્તુ આ ધરા પરનું નિસર્ગ છે. નદી નિસર્ગ છે. કોઇ ચોક્કસ ગંગા કે મિસીસીપી કે ટેમ્સ નદી જ નહીં. કુદરતમાં પેલા પહાડો તેના પર પથરાયેલો બરફ અને ભૂરી કાળી ઊંડી ખીણો અને દરિયાને ભેટતી પર્વતોની હારમાળા એ બધું નિસર્ગ છે. દરેકને તેના પ્રતિ લાગણી અને પ્રેમ હોવો જોઇએ. તેનો નાશ કરવો ના જોઇએ. પોતાના આનંદને ખાતર તેનો વિધ્વંશ કરવો ના જોઇએ.

નિસર્ગ એ આપણા જીવનનો ભાગ છે. આપણે બીજમાંથી અને ધરતીમાંથી વિકસ્યા છીએ. અને આપણે એ બધાનો અંશ છીએ. આપણે અન્ય પ્રાણી જેવા જ પ્રાણી છીએ એ સભાનતાને આપણે ઝડપભેર ગુમાવી રહ્યા છીએ. તમારી પાસે પેલા વૃક્ષ પ્રતિ કોઇ ભાવના છે? તેને નિહાળવાની તેના સૌંદર્યને જોવાની. એમાંથી જે મર્મર અવાજ આવે છે તે સાંભળો છો? પેલા નાના છોડ, ઘાસ, વેલ જે દિવાલ ઉપર ચઢી રહી છે. એના પર્ણો પર જે પ્રકાશ પડી રહ્યો છે અને એના ઘણા પડછાયા પડે છે એના પ્રત્યે તમે સંવેદનશીલ છો? તમારે આ બધા પ્રત્યે સભાનતા દાખવવી જોઇએ. અને તેમની સાથ સહવાસ હોવો જોઇએ. તમારો આજુબાજુના નિસર્ગ સાથે સંપર્ક હોવો જોઇએ. તમે કદાચ શહેરમાં રહેતા હશો ને તમારી આસપાસ વૃક્ષો ના હોય. બાજુના બગીચામાં જે ફૂલો દેખાય છે તેની બરોબર જાળવણી થતી ન હોય તેની આજુબાજુની જમીનનું નિંદામણ થયું નથી, પણ તેને નિહાળો તમે પણ એના ભાગ સમાન છો એવું અનુભવો. તમે બધી જ જીવંત સૃષ્ટિના એક અંશ છો, ભાગ છો. જો તમે નિસર્ગને હાની પહોંચાડો છો તો તમે તમારો જ ઘાત કરી રહ્યા છો.

તમને ખબર છે કે આ પહેલાં પણ આ બાબતમાં જુદી જુદી રીતે કહેવામાં આવ્યું છે પણ આપણે એ માટે ધ્યાન આપ્યું નથી. શું એનું કારણ એ છે કે આપણે આપણી સમસ્યાની જાળમાં ફસાયેલા છીએ? આપણા સ્વયંની અપેક્ષા, ઝંખના, દુઃખ અને આનંદ પ્રમોદમાં સપડાયેલા છીએ કે જેથી કરીને આપણે આજુબાજુ નિહાળતા નથી. પેલા ચંદ્રને ક્યારેય નિહાળતા નથી? એને નિહાળો. તમારી આંખોથી તમારા કાનોથી અને સુંઘવાની તમારી ઇન્દ્રિય વડે તમે અનુભવો અને જુઓ. જાણે કે તમે પહેલીવાર જ તેને જોઇ રહ્યા છો એવી રીતે. જો તમે એમ કરી શકો, તો તમે હકીકતમાં વૃક્ષને નિહાળો છો, પેલા છોડને પેલા ઘાસના તણખલાંને નિહાળો છો. પછી તમે તમારા શિક્ષકને, માતાપિતાને, ભાઇબહેનને પણ પ્રથમ વખત મળતા હોય એમ મળો. ત્યારે તમારી અંદર અજાયબ એવી લાગણી જન્મ લેશે. જે આ પહેલાં તમે કદી અનુભવી નહતી અને પછી કદીએ જોવા ન મળે એવી અનન્ય આશ્ચર્યજનક એવી તાજી સવાર જોવા મળશે. પ્રકૃતિને પૂરી સમગ્રતા સાથે અનુભવો. શાબ્દિક રીતે નહીં એ કે એના વર્ણનના શબ્દો દ્વારા નહીં પણ તેનો અંશ બનીને, એ વાસ્તવિકતાની અનુભૂતિ કરો કે તમે પણ તેના અંશ સમાન છો. તમને એને માટે પ્રેમ છે. જેન જોઇ મનમાં આદર ઉપજે એવા પેલા હરણને, દીવાલ પર સરકતી ગરોળીને, જમીન પર પડેલી સુકાયેલી ડાળને જુઓ, સંધ્યા સમયે આકાશમાં દેખાતા તારાને કે બીજના ચંદ્રને શબ્દાંકન વગર કેટલું સુંદર એવો ઉચ્ચાર કર્યા વગર નિહાળો. ફક્ત સુંદર શબ્દ બોલી તમારી પીઠ ના ફેરવી લો. અને બીજા કશામાં આકર્ષિત થયા વગર પેલા તારાને નવા ચંદ્રને જાણે પહેલી વાર જોતા હોય એમ નિહાળો. જો તમારી ભીતર આવી ઉત્કટતા ભરેલી નિસર્ગ સાથેની એકતા હશે. તો તમારી બાજુમાં બેસેલા માણસ જોડે છોકરા જોડે તમે એકતા અનુભવશો. આપણે સંબંધની સંવેદના ખોઇ નાખી છે. જે સંબંધમાં સ્નેહ કે લાગણી વિશેનું ઉચ્ચારણ ન હોય એવી નિઃશબ્દ એકતા આપણે ગુમાવી દીધી છે. એ સંવેદના એ છે કે આપણે બધા એક જ માનવ છીએ આપણે અલગ અલગ નથી. આપણે કોઇ ખાસ જાતિ કે વંશમાં વિભાજીત નથી કે નથી કોઇ આદર્શોયુક્ત ખ્યાલ પ્રમાણે અલગ નથી. માટે આપણે આ અદ્ભૂત સુંદર ધરા પર વસતા માનવી છીએ અને માનવજાત છે.

તમે કદી સવારે વહેલા ઊઠી તમારી બારી બહાર નજર કરી જોયું છે, કે બહાર આવી વૃક્ષોને તેની નીચે વહેતા પાણીના ઝરણાંને નિહાળ્યા છે? તેઓના સહવાસમાં જીવો, બધાજ પ્રકારના અવાજો સાંભળો. પેલા વૃક્ષના પાંદડાના ઝૂંડમાંથી સરસર વહેતી હવાના સૂરને સાંભળો. તે પાંદડા પર પડતા પ્રકાશને પેલી સુકાયેલી નદીના પટને, પહાડ પર ચઢતા પેલા ઘેટાંને નિહાળો. તેને માયાથી, કાળજીપૂર્વક તેઓને કોઇપણ પ્રકારનું દુઃખ આપવાનું નથી. એવી ભાવનાથી નિહાળો. જ્યારે નિસર્ગ સાથે તમારામાં પોતાપણાનો સંબંધ હશે. ત્યારે બીજી વ્યક્તિ સાથે તમારો સંબંધ સ્પષ્ટ, સરળ અને ઘર્ષણ વગરનો હશે.

*The Whole Movement of Life is Learning*, પ્ર.૫૪

## તે જીવનનું સંપૂર્ણ ધ્યાન હતું

ઘાટા લીલા પાંદડાના ઝૂમખામાં એક લાલ ફૂલ હતું. જે તમારા વરંડામાંથી જોઈ શકાતું હતું. પેલી તરફ ડુંગરો, નદીના કિનારા પર લાલ રેતીનો પટ હતો. ઊંચું એવું વડનું ઝાડ અને આસપાસ આમલીના વૃક્ષો હતા. પણ તમે તો પેલા લાલ ફૂલને જ નિહાળતા હતા, તે એટલું આહ્લાદક અને રંગથી સભર લાગતું હતું. ત્યાં બીજો કોઈ રંગ નજરે પડતો ન હતો. ભૂરા આકાશના ધબ્બા અને પ્રકાશમાં પ્રકાશિત વાદળો અને જાંબલી રંગના પહાડ, ડાંગરના લીલાછમ રસાળ ખેતરો, આ બધું ધીમે ધીમે અદશ્ય થઈ રહ્યું હતું પણ પેલું અદ્ભૂત લાલ રંગનું ફૂલ ત્યાંજ હતું. તે આકાશ અને ખીણમાં ફેલાઈ ગયું હોય એવું ભાસતું હતું. એ પણ કરમાય ને ખરી પડશે; એનો અંત આવશે પણ ડુંગરો ટકી રહેશે. પણ આ સવારમાં તે એક અનન્ય હતું. જે સમય અને વિચારથી પર હતું. તેણે પ્રેમ અને આનંદને પકડી લીધા હતા. ત્યાં કોઈપણ પ્રકારની ભાવુકતા કે કાલ્પનિક વિસંગતિ ન હતી કે ન તો તે કશાકનું પ્રતિક હતું. તે સ્વયંમાં ભરપૂર હતું, તેનો સંધ્યા થતા અંત આવશે. પણ તેમાં જીવનની સમગ્રતા સમાયેલી હતી. એ કંઈક એવું નથી કે જેના વિશે તમે તર્ક કરી શકો તેમજ તે તર્ક વગરની વસ્તુ પણ નથી. કંઈક કાલ્પનિક આડંબર ભરેલું નથી. એનો પેલા ડુંગરા અને એકબીજાને બોલવતા પેલા પહાડના પડદા જેટલું જ વાસ્તવિક હતું. તે જીવનનું પૂર્ણ ધ્યાન હતું, અને ફક્ત ભ્રમણા ત્યારે જ ઉદ્ભવે છે જ્યારે હકીકતનો પ્રભાવ નીકળી જાય છે. જે મને આદતથી બીજાની અસરોથી તેમજ સતત સલામતીની શોધથી મંદ અને અસંવેદનશીલ બની ગયું છે તેવા મન પર પ્રકાશપુંજથી આચ્છાદિત વાદળોના સૌંદર્યની વાસ્તવિકતાની ઘેરી અસર થતી નથી. પ્રસિદ્ધિની સલામતી, સંબંધોમાં સલામતી અને જ્ઞાનની સલામતી એ સંવેદનશીલતાનો નાશ કરે છે તેને વિકૃત કરે છે. પેલું સુંદર પુષ્પ પેલા પહાડો અને અવિરત ચંચળ એવો ભૂરો સાગર એ જીવનમાં પેલા અણુબૉમ્બ જેવાં જ પડકારરૂપ છે, ફક્ત સંવેદનશીલ મન જ તેને પ્રતિભાવ દાખવે છે. જ્યારે પૂર્ણ પ્રતિભાવ હોય છે ત્યારે ત્યાં ઘર્ષણની કોઈ નિશાની નથી હોતી. ઘર્ષણ એ ઉપરછલ્લો પ્રતિભાવ દર્શિત કરે છે.

*Krishnamurtis' Journal,* ૨૮ ઓકટોમ્બર, ૧૯૬૧

---

## છતાં તેના ચહેરા પર હાસ્ય રમતું હતું

વાતાવરણ ઘણું વાદળીયું બની ગયું હતું, બધી દિશામાંથી આવતા વાદળોના ઢગથી ડુંગરાઓ ભારેખમ થઈ ગયા હતા. વરસાદના છાંટણા થઈ રહ્યા હતા. આકાશમાં ક્યાયે ભૂરાશ દેખાતી ન હતી, એ અંધકારમાં જ સૂર્યનો અસ્ત થઈ ગયો હતો. વૃક્ષો જાણે અતડા બનીને દૂર ઊભા હોય એવું ભાસતું હતું. એક જૂનું તાડનું વૃક્ષ અંધકારમાં ઘેરાતા આકાશની સામે જે કંઈ પ્રકાશ પડતો હતો તેને ધારણ કરીને ઊભું હતું. નદી કિનારો શાંત હતો. કિનારની લાલ રેતી ભીની હતી, પણ આ બધામાં કયાંયે ગીત ન હતું, પક્ષીઓ શાંત બનીને પર્ણોની ઘટામાં બેસી ગયા હતા. ઈશાન ખૂણામાંથી મંદ મંદ હવા આવતી હતી. અને તેની સંગે કાળા વાદળો વર્ષાના ઝાપટા સાથે આવી રહ્યા હતા. પણ હજી વરસાદ મનપૂર્વક વરસતો ના હતો પણ પાછળથી જોરદાર વર્ષાની સંભાવના લાગતી હતી. સામે દેખાતો લાલ ભૂખરા રંગનો ખરબચડો રસ્તો રેતીથી આચ્છાદિત અને એકાંત હતો. અને કાળા ડુંગરા તેને નિહાળી રહ્યા હતા. તે માર્ગ ઘણો જ સૌમ્ય લાગતો હતો. ભાગ્યે જ મોટરગાડી ત્યાંથી પસાર થતી. ગ્રામવાસી પોતાના બળદગાડામાં આ રસ્તે એક ગામથી બીજે ગામ જતા. ચામડીથી ઢંકાયેલા હાડપીંજર જેવા ચીંથરા જેવા વસ્ત્રોમાં, જેના પેટમાં ખાડા પડી ગયા હતા એવા મેલાઘેલા ગ્રામવાસી હતા પણ ઘણા સહનશીલ અને તાર જેવા મજબૂત હતા. સૈકાઓથી આજ રીતે તેઓ જીવન જીવી રહ્યા હતા. અમારી સરકાર તેઓને રાતોરાત બદલવા માંગતી હતી. પરંતુ તેઓના ચહેરા પર હાસ્ય હતું જો કે તેમની આંખોમાં થાક વરતાતો હતો. આખા દિવસના પરિશ્રમ પછી પણ રાત્રે તેઓ નૃત્યુ કરતા હતા. તેઓમાં એક જવાળા હતી. તેઓ નિરાશાથી કચડાયેલા ન હતા. તે ધરતીના વિસ્તારમાં ઘણા વર્ષોથી સારો વરસાદ થયો ના હતો. આ વરસ તેમેન માટે ભાગ્યશાળી વર્ષ હતું. જે કદાચ તેઓને માટે તેમજ પાળેલા ઢોરો માટે અન્ન પાણી લાવનાર હોય. આ રસ્તો આગળ જઈ રહ્યો હતો અને ખીણના મુખને પાસે જઈ મળતો હતો. ત્યાં બીજો મોટો રસ્તો હતો જ્યાં થોડી બસો અને મોટર ગાડીઓ દેખાતી હતી. અને આજ રસ્તે ઘણે દૂર શહેરો હતા. જ્યાં ગંદકીથી મલિન એવા કારખાના ઉમદા મકાનો, મંદિરો હતા અને મંદ અને નીરસ લોકો હતા. પણ અહીં આ ખુલ્લા રસ્તા પર એકાંત અને ઘણાં ડુંગરા હતા જે વર્ષો જૂના બેપરવાહ હતા.

*Krishnamurtis' Journal,*
૨ નવેમ્બર,૧૯૬૧



પ્રિય મિત્રો,

આ અંકના પ્રકાશન સાથે 'અંતરમેળ' બે વર્ષ પૂરા કરે છે. આથી અમને 'અંતરમેળ' બદલ વાચકોનો પ્રતિભાવ જાણવાની આતુરતા છે. તેથી આ સાથે જોડેલ ફોર્મ ભરીને મોકલવા માટે અમે વિનંતી કરીએ છીએ. તમારી પ્રતિક્રિયા ઈમેઈલ પર કે પોસ્ટ દ્વારા મોકલવી.

તે જ પ્રમાણે 'અંતરમેળ' ના સંબંધમાં જે કંઈ સૂચન તમને કરવા જેવા લાગે તે મુક્ત મને આપ વ્યક્ત કરી અમને આભારી કરો. આપણા સૂચનો ધ્યાનપૂર્વક લક્ષમાં લેવામાં આવશે. કૃષ્ણમૂર્તિના શિક્ષણના સંદર્ભમાં આપણા મનમાં જે કંઈ સવાલ ઉદ્ભવે તે પ્રશ્નોનું અમે સ્વાગત કરીએ છીએ અને તેનો ઉત્તર આપવામાં આવશે.

વાચકો તમારા સહકાર બદલ ધન્યવાદ,
સંપાદક
કૃપા કરી તમારી પ્રતિક્રિયા આ ફોર્મમાં દર્શાવો.

તમારા સંપર્કની માહિતીઃ (જો સરનામુ બદલાયુ હોય તો નવું સરનામુ મોકલવું.)
નામ :
સરનામુ :
ઈમેલ : દૂરધ્વનિ :
☐ કૃપા કરી 'અંતરમેળ' આ પછી પણ વિના મૂલ્ય મોકલશો.
☐ હવે પછી આગળ 'અંતરમેળ' મોકલશો નહીં
પ્રતિભાવ :



ઈન્દ્રિયજન્ય અભિરૂચિને નિમ્ન ગણી કોઈ એવી અલૌકિક બાબતને જ અગ્રતા આપવી, નિસર્ગમાં કુરૂપતાથી મોઢું ફેરવી લઈ ફક્ત નિસર્ગમાં સૌંદર્યને નિહાળવું - એવો દૃષ્ટિકોણ કૃષ્ણમૂર્તિની વિચારધારામાં તદ્દ્ન નથી. તેમના નિરીક્ષણમાં ભેદ દૃષ્ટિ ન હતી. એ તેમના નિસર્ગ વિશેના લખાણમાં વર્તાય છે. તેમનો આ અભિગમ મનુષ્ય સાથેના સંબંધમાં પણ જણાતો. તેઓ ઓફિસમાં કાર્ય કરતા કારકૂન, યશસ્વી એવા રાજકારણી, સમાજમાં ઊંચી એડીના સેન્ડલ પહેરી વિચરતી સ્ત્રી, વૃધ્ધ મનુષ્ય કે શ્રધ્ધાળુ, સહાનુભૂતિ, આશીર્વાદ કે દયા માટે આતુર - આમાથી કોઈને પણ નિમ્નકક્ષાના ગણતા નહીં. તેમનું નિરીક્ષણ ભેદ વિનાનું નિરપેક્ષ એવું ખુલ્લું હતું. વિશ્વની સારી જીવસૃષ્ટિ માટે તેમને લાગણી અને પ્રેમ હતો.

આથી એ અધિક ગહન સ્તરે એમણે ઉંડાણ પૂર્વક કોઈપણ જાતના નિર્ણય કે પૂર્વ અભિપ્રાય વગર તટસ્થવૃત્તિથી માનવમન તથા એની વિલક્ષણતાનું નિરીક્ષણ કર્યું - અને તેપણ સંપૂર્ણરીતે સ્વાભાવિક અને એ બધાં ‘પૃથ્વીના એક અંશ છે’ એમ સમજીને. એમની દૃષ્ટિએ માનળીના પોતાના સ્વના, સમાજ તથા નિસર્ગ સાથેના સંબધ માં પરિવર્તન લાવવાની શકયતાની મૂળમાં એવું અવિભકત આકલન હતું.

*- રાધિકા હર્ઝબર્ગર*

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયાનું મુંબઈ કેન્દ્ર હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજી ના બધા પુસ્તકો, ડિવ્હીડી, ઉપલબ્ધ છે. બાલ આનંદ - બાલવિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવાર અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપ અને સંવાદોની વ્હીડીયો નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ દર ગુરૂવારે સમુહ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.

સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દર મહિના ના પહેલાં શુક્રવારે વ્હીડીયો નો કાર્યક્રમ હોય છે એને તેના પછી આવતા સોમવારે તે વિડીયોના વિષય પર સંવાદનું આયોજન કરવામાં આવે છે. મુંબઈમાં આવેલી કૉલેજ અને શાળામાં વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદનો કાર્યક્રમ સંસ્થા યોજે છે.

સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
બોમ્બે એક્ઝેક્યુટીવ કમિટી, હિમત નિવાસ,
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ, મુંબઈ-૪૦૦૦૦૬
દૂરધ્વનીઃ ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

‘અંતરમેળ’ આ વૃતપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છીત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્ય નો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યસકેન્દ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રકિામાં પ્રકાશીત કરવા માં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામુ, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જણાવશો.

**Statement about ownership and other particulars of Antarlahari Newsletter**
**FORM IV**

| | | |
|---|---|---|
| 1. Place of publication | : | Krishnamurti Foundation India, Bombay Executive Committee Malabar Hill, Mumbai – 400 006. |
| 2. Periodicity of publication | : | Once in four months, (Januuary, May, September) |
| 3. Printer's Name | : | Anand Limaye |
| Whether citizen of India | : | Yes |
| Address | : | India Printing Works, 42, G.D.Ambekar Marg, Wadala, Mumbai – 400031. |
| 4. Publisher's Name | : | P. V. Dabholkar |
| Whether citizen of India | : | Yes |
| Address | : | Krishnamurti Foundation India, Bombay Executive Committee Himmat Niwas, 31,Dongersey Road, Malabar Hill, Mumbai – 400 006. |
| 5. Editor's Name | : | Vasanti Padte |
| Address | : | Krishnamurti Foundation India, Bombay Executive Committee Himmat Niwas, 31,Dongersey Road, Malabar Hill, Mumbai – 400 006. |
| 6. Name and address of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital | : | Krishnamurti Foundation India, Bombay Executive Committee Himmat Niwas, 31,Dongersey Road, Malabar Hill, Mumbai – 400 006. |

I, P. V. Dabholkar, hereby declare that the particulars given are true to the best of my knowledge and belief.

Sd
( P.V. Dabholkar)

કૃષ્ણમૂર્તિના વિષયમાં કેટલીક વેબસાઈટસ્ :

www.jkrishnamurti.org
www.kfionline.org
www.kfa.org
www.kfoundation.org
www.Kinfonet.org

*Published in January, May, September*

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

Periodical

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856  Email : kfimumbai@gmail.com

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.*
*Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Translation : Harshad Panchal*
*Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com • Editor : Indira Doctor*